# સે. ૭માં હડકાયા કૂતરાનો આંતક ત્રણને બટકા ભર્યા

## તંત્રને જાણ કરવા છતા ડોકાયું પણ નહિ : વસાહતીઓમાં ફફડાટ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૭માં આજે બપોરના સુમારે એક હડકાયા શ્વાને ૩ વ્યક્તિોને બચકુ ભર્યું હતું. હડકાયા શ્વાનના આતંકથી લોકો ભયભીત બની ગયા હતા.

શહેરના સેક્ટર-૭માં આજે બપોરના સુમારે અચાનક એક હડકાયા શ્વાને એક મહિલાને અને એક ભાઈને બચકુ ભર્યુ હતુ. શ્વાનને મારવા લોકો લાકડીઓ લઈ બહાર નીકળ્યા હતા, પરંતુ શ્વાન ક્યાંક અદૃશ્ય થઈ ગયું હતું. શ્વાને બચકુ ભરતા આસપાસના વિસ્તારમાં લોકો પોતાના બાળકોને રમવા જવા દેતા પણ ગભરાતા હતા. તેમજ ઘર આગળ લોકો લાકડી લઈ બેસી રહ્યા હતા, તો અમુક રહિશો ડરના માર્યા ઘરમાં પૂરાઈ રહ્યા હતા. હડકાયા શ્વાનના આતંકથી આ વિસ્તારના લોકો હતપ્રભ બની ગયા હતા. તેમજ તંત્રને ફોન કરી શ્વાનને પકડવા માટે પણ તજવીજ કરી હતી, પણ તંત્રના અધિકારીઓ દ્વારા બેહુદો જવાબ વસાહતીઓને સાંભળવા મળ્યો હતો. તેમજ હડકાયા શ્વાનને પકડવા માટે કોઈ ડોકાયું નહોતુ. આથી વસાહતીઓ રોષે ભરાયા હતા.

# જે.એમ. ચૌધરી શાળાની વિદ્યાર્થિનીએ નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૭માં આવેલી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીએ તાજેતરમાં ટાટા બિલ્ડીંગ ઈન્ડિયા લી. દ્વારા યોજાયેલી નિબંધ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

ટાટા બિલ્ડીંગ ઈન્ડિયા લી. દ્વારા જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય-ગાંધીનગર ગ્રાન્ટેડ વિભાગમાં 'વિજ્ઞાનની અવનવી શોધ; તેની અસર-પરિણામ' વિષય અંતર્ગત નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રિયંકા સથવારાએ પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તથા અંજુ ભૂરિયાએ દ્વિતીય અને ખુશ્બુ ત્રિવેદીએ તૃતીય નંબર મેળવ્યો હતો. વિજેતા વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર તથા બુક આપી સન્માનિત કરવામાં આવી હતી. આચાર્યા સંતોકબેન ચૌધરીએ માર્ગદર્શન શિક્ષિકા બહેન શરીફાબેન દેસાઈ અને રમીલાબેન ચૌધરીને તથા વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજનો સ્નેહ મિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૫

અમદાવાદમાં શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા સ્નેહમિલન, રકતદાન શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ ગુણ મેળવતા વિદ્યાર્થીઓને રમતગમતમાં સારો દેખાવ કરવા માટે સન્માન



સમારંભ યોજાયો હતો. ૧૪૩ રકતદાન બોટલ અર્પણ કરવામાં આવી હતી. રાજય સરકાર તરફથી 'શેરદિલ' એવોર્ડ સંસ્થાને આપવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી મગનભાઈ પટેલે બધા વર્ગોને એકત્રિત કરીને શિક્ષણને પ્રાધાન્ય આપવા અનુરોધ કર્યો હતો.

ગુ. રાજય માર્ગ વાહનવ્યવહાર નગરના ચેરમેન શ્રી ઘોડેસરા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી મહેન્દ્રભાઈ પાડલિયા, પાટણ જિલ્લાના કલેકટરશ્રી હિંગરાજીયા, ધારાસભ્યશ્રી ચિમનભાઈ સાપરીયા, શ્રી ગોવિંદભાઈ વરમોડા તથા અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

## પરીક્ષા કેન્દ્રની આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ

ગાંધીનગર જિલ્લામાં ધોરણ- ૧૦ની માધ્યમિક શાળાંત -માણપત્ર પરીક્ષા અને ધોરણ-૧૨ની ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાઓનો -ારંભ તા. ૭મી માર્ચ- ૨૦૧૩થી થઈ રહ્યો છે. ચાલું વર્ષે બોર્ડ દ્વારા લેવાનારી આ પરીક્ષા ત્રણ તબક્કામાં યોજાશે. ધોરણ-૧૦ની માધ્યમિક શાળાંત -માણપત્ર પરીક્ષા અને ધોરણ-૧૨ની સામાન્ય -વાહ, વિજ્ઞાન -વાહ(જુનો કોર્સ) અને વ્યવસાયલક્ષી/ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી -વાહની પરીક્ષાઓ તા. ૦૭/૦૩/૨૦૧૩ થી તા. ૨૩/૦૩/૨૦૧૩ દરમ્યાન લેવાશે. ધોરણ-૧૨ ( વિજ્ઞાન -વાહ)નાં ચોથા સેમેસ્ટરની પરીક્ષા તા. ૧૮/૦૩/૨૦૧૩ થી તા. ૨૩/૦૩/૨૦૧૩ દરમ્યાન યોજાશે. જયારે ધોરણ-૧૧ (વિજ્ઞાન -વાહ)ની બીજા સેમેસ્ટરની પરીક્ષા તા. ૦૮/૦૪/૨૦૧૩ થી તા. ૧૫/૦૪/૨૦૧૩ દરમ્યાન લેવામાં આવનાર છે.



સેક્ટર-૨૧ શ્રીજી હવેલી ખાતે પ.પૂ. ૧૦૦૮ વ્રજલતાબેટીજીનું પ્રવચન યોજાયું હતું.જેમાં ભાવિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રવણલાભ ઉઠાવ્યો હતો તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

## વિકલાંગ સહાયકેન્દ્ર દ્વારા સમૂહલગ્નનું આયોજન

ગાંધીનગર, તા. ૫

શારીરિક ક્ષતિ ધરાવતા વિકલાંગ હિન્દુ-મુસ્લિમ ભાઈ બહેનો માટે વટવા-અમદાવાદમાં તા. ૩૧મી માર્ચના રોજ વિનામૂલ્યે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. વિકલાંગો લગ્ન ઈચ્છુક હોય સગપણ થયા હોય એ લોકો ઘરના વ્યક્તિ સાથે નામ રજીસ્ટ્રેશન કરાવી શકે છે. પ્રમુખશ્રી બાબુભાઈ સાબુવાલા, વિકલાંગ સહાયક કેન્દ્ર તસ્લીમ સોસાયટી રોડ વટવા અમદાવાદ મો. નં. ૯૩૭૫૭૦૬૪૫૧ ઉપર સંપર્ક કરવા જણાવેલ છે.

## આજે સે. ૮ ખાતે સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૫

શ્રી કાન્તીભાઈ યોગીજી વ્યાસપીઠે શ્રી રામચરિત માનસના પંચમ સોપાન 'સુંદરકાંડ'ના સંગીતમય પાઠ આજે રાત્રે સાડા આઠ વાગે સેક્ટર-૮-બી પ્લોટ નં. ૫૮૧/૨ પ્રિન્સિપાલ શ્રી આર.બી. રાણાના યજમાનપદે યોજાનાર છે. ભાવિકોને તેનો લાભ લેવા જણાવેલ છે.

## પેથાપુરમાં શિવકથા સપ્તાહ યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે શિવકથા સમિતિ દ્વારા સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શિવમહાપુરાણ કથા યોજાશે. પેથાપુર ગામની સોમનાથ સોસાયટી, ભક્તિધામ મેદાનમાં તા. ૮મી માર્ચથી ૧૪મી માર્ચ દરમિયાન બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાકે શિવ મહાપુરાણ કથા યોજાશે. ૧૫મી માર્ચ સુંદરકાંડ તથા ૧૬મી માર્ચે ભવ્ય લોકડાયરો યોજાશે. જેનો ભક્તજનો લાભ લઈ શકશે.

## ટાટા બિલ્ડીંગ ઈન્ડિયા દ્વારા નિબંધ સ્પર્ધામાં જે.એમ. ચૌધરીની બાળાઓ વિજેતા

ગાંધીનગર, તા.૫

ટાટા બિલ્ડીંગ ઈન્ડિયા લી. દ્વારા શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ગાંધીનગરમાં વિજ્ઞાનની અવનવી શોધ તેની અસરો પરિણામો વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રિયંકા પ્રકાશભાઈ સથવારા પ્રથમ ગોલ્ડમેડલ, અંજુ નરસિંહભાઈ ભૂતિયા દ્વિતીય સિલ્વર મેડલ, ખુશ્બુ બિપીનભાઈ ત્રિવેદીએ તૃતીય બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. આચાર્યશ્રી સંતોકબેન ચૌધરી અને શ્રી શરીફાબેન દેસાઈ, શ્રી રમીલાબેન ચૌધરીએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સે. ૨૮ ગાર્ડન બહાર દારૂની મહેફીલ માણતા ૮ ઝડપાયા

## શેરડીના રસના કોલા પાસે આઠેય બાટલી ખોલીને બેઠા હતા : ૧.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૫

શહેરના સેક્ટર-૨૮ના બગીચાની બહાર એક શેરડીના રસના કોલા પાસે નબીરાઓ દારૂની મહેફીલ માણતા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે આજે બપોરે દરોડો પાડીને આઠેય શખ્સોને મહેફીલ માણતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. અડધી દારૂની બોટલ ઉપરાંત મોબાઈલ અને વાહનો મળીને પોલીસે રૂ. ૧.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી તમામની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. એસ.જી. પરમારને મળેલી બાતમીને આધારે એલ.સી.બી. ટીમના સંદિપ પટેલ, કરણસિંહ તથા ભવાનસિંહની ટીમે સે. ૨૮ બગીચા બહાર જાહેરમાં દારૂની બોટલ ખોલીને મહેફીલ માણી રહેલા આઠ નબીરાઓને ઝડપી પાડ્યા છે. પોલીસને જોઈને આઠેય નબીરાઓમાં નાસભાગ મચી જવા પામી હતી. કડી અને રાજપુર વિસ્તારના આઠેય યુવાન શખ્સોમાં નિલેશ પ્રવિણ પટેલ, અભિષેક રામબહોરે પાંડે, વિશાલ અનિલ પટેલ, સિદ્ધાર્થ ગણપત સોલંકી, ધવલ કનુ પટેલ, જયેશ અરવિંદ પટેલ, રાજેશ રામબહાદુર યાદવ અને પૂરવ કિરીટ પટેલનો સમાવેશ થાય છે. દારૂની અડધી બોટલ, ૯ નંગ મોબાઈલ, ૩ બાઈક અને રૂ. ૮૬૪૫ રોકડા મળીને એલ.સી.બી.એ રૂ. ૧.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ આઠેય નબીરાઓ વિરૂદ્ધ મહેફીલનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# મેડીકલ કોલેજના ડીનને ફાયર સેફટી અંગેની નોટીસ

## બિલ્ડીંગ યુટીલાઈઝેશન પરમીશન લીધા વિના જ હાઈરાઈઝ હોસ્ટેલ્સ શરૂ કરી દેવાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર મેડીકલ કોલેજની ગર્લ્સ એન્ડ બોયઝ હોસ્ટેલ બી.યુ. પરમીશન કે ફાયર સેફટીની એન.ઓ.સી. લીધા વિના જ શરુ કરી દેવામાં આવી હોવાનું ચેકીંગ દરમિયાન ધ્યને આવતા ગાંધીનગર ફાયર ઓફીસરે બિલ્ડીંગમાં કોઈ પણ અનિચ્છનીય ઘટના ઘટે તો તંત્ર જવાબદાર રહેશે તે પ્રમાણેની નોટીસ મેડીકલ કોલેજના ડીનને ફટકારી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં મેડીકલ કોલેજની મંજુરી બાદ યુધ્ધના ધોરણે બિલ્ડીંગ કન્સ્ટ્રકશન કામગીરી આરંભી દેવાઈ હતી અને કોલેજને શરુ પણ કરી દેવામાં આવી છે તો બીજી તરફ મેડીકલ કોલેજ (જી.એમ.ઈ. આર.એસ.) કરી ગર્લ્સ એન્ડ બોયઝ હોસ્ટેલની હાઈ રાઈઝડ બિલ્ડીંગની કોઈ પણ પ્રકારની પરમીશન લીધા વિના હોસ્ટેલ શરુ કરી દેવામાં આવી છે. બિલ્ડીંગ યુટીલાઈઝેશન પરમીશન ઉપરાંત અન્ય કેટલાક નોન ઓબ્જેકશન સર્ટી પણ લેવામાં આવ્યા નથી. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશકુમાર મોઢે ચેકીંગ કરતા હોસ્ટેલનું ફાયર સેફટીનું એન.ઓ.સી. લીધા વિના શરુ કરી દેવામાં આવ્યું હોવાનું ધ્યાને આવતાં ફાયર ઓફીસરે મેડીકલ કોલેજના ડીનને નોટીસ ફટકારી છે. ફાયર સેફટી વિના શરુ થઈ ગયેલી હોસ્ટેલમાં કોઈ પણ અનિચ્છનીય ઘટના સર્જાય કે આગ દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી તંત્રની રહેશે તેવી નોટીસ ગાંધીનગર ફાયર ઓફીસર દ્વારા ડીનને ફટકારવામાં આવી છે.

# મહિના પહેલા પરણેલી પરિણીતાનું પિયર આવીને અગ્નિસ્નાન

## ૧૫ જ દિવસમાં પિયર વાસણીયા મહાદેવ પરત આવી ગઈ હતી : આપઘાતનું કારણ અકબંધ

ગાંધીનગર, તા. ૫

એક મહિના પહેલા જ લગ્નગ્રંથિથી જોડાયેલી વાસણીયા મહાદેવ ગામની ૨૦ વર્ષિય પરિણીતાએ પોતાના પિયરે આવીને કોઈ અગમ્ય કારણોસર મધરાત્રે શરીરે કેરોશીન છાંટીને દિવાસણી ચાંપી દઈ અગ્નિસ્નાન કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પરિણીતાએ કયાં કારણોસર આપઘાત કર્યો તે હજુ સુધી બહાર આવી શક્યું નથી. પરિણીતાનું આજે સવારે ૯ વાગ્યે સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસનો દૌર શરૂ કર્યો છે.

ગાંધીનગર નજીક આવેલા વાસણીયા મહાદેવ ગામમાં રહેતી ૨૦ વર્ષિય જાનકીબા દશરથસિંહ જાડેજાના લગ્ન એક મહિના અગાઉ જ થયા હતા. લગ્નને ૧૫ દિવસ બાદ જાનકીબા પિયર આવી ગયા હતા. દરમ્યાન ગઈકાલે રાત્રે સવા એક વાગ્યાના અરસામાં પોતાના પિયરમાં જ કોઈ અગમ્ય કારણોસર જાનકીબાએ પોતાના શરીરે કેરોશીન છાંટીને દિવાસળી ચાંપી દીધી હતી. રાત્રે પરિણીતાનું શરીર ભડ-ભડ ભડકે બળતાં પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા અને તાબડતોબ તેણીને સારવાર માટે લઈ જવામાં આવી હતી. તેણીની હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવી હતી. પરંતુ આજે સવારે તેણીનું સારવાર દરમ્યાન પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. પરિણીતાએ કયાં કારણે અંતિમ પગલુ ભર્યું તે હજી બહાર આવ્યું નથી. પેથાપુર પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધીને મૃતદેહ પોષ્ટમોર્ટમ માટે મોકલી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીએ સ્વાઈન ફલુ અવેરનેસ કાર્યક્રમ યોજયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા બ્રાન્ચ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ઉપક્રમે તાજેતરમાં સ્વાઈન ફલુ એવેરનેસ કાર્યક્રમ વૃદ્ધાશ્રમમાં યોજાયો હતો. જેમાં વડીલોને નિષ્ણાતો દ્વારા જરુરી માર્ગદર્શન અને દવા આપવામાં આવી હતી.

હાલના સંજોગોમાં સ્વાસ્થ્ય બાબતે સ્વાઈન ફલુની બિમારી લોકોને સતાવી રહી છે ત્યારે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર દ્વારા ડૉ. એમ. જોષીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરના કૈલાશધામના વડીલોને સ્વાઈન ફલુની જાણકારી આપવામાં આવી હતી તેમજ તેની સામેની તકેદારીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. ઓમ. જોષી દ્વારા ૧૦૧ વૃદ્ધોને દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સંસ્થાના જે.એમ. પરીખ, મહેશ પારેખ તેમજ ઈન્દ્રસિંહ મકવાણાએ જરુરી કાર્યવાહી સફળ રીતે બજાવવામાં મદદ કરી હતી.

# જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં પાટનગરના સળગતા પ્રશ્નોની આક્રોશપૂર્ણ રજૂઆત

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની તાજેતરમાં માસિક બેઠક મળી હતી. બેઠકમાં પાટનગરના રહીશોના વીજળી, ગેસ, સફાઈ, એસ.ટી, રેશનકાર્ડ અને આધારકાર્ડના પ્રશ્ને પ્રજાને પડી રહેલી મુશ્કેલીઓ બાબતે આક્રોશપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી.

જાગૃત નાગરિક પરીષદની કારોબારી સહિતની એક સભા લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને મળી ગઈ. જેમાં પાટનગરમાં એસ.ટી. બસોની ગંભીર અનિયમિતતાઓ અને સત્તાવાળાઓની ગુનાહિત બેદરકારી, રેશનકાર્ડ અને આધારકાર્ડના પ્રશ્ને પ્રજાને પડી રહેલી અસહ્ય હાડમારીઓ, વીજળીના પ્રશ્ને ગ્રાહકોની ઉઘાડી લૂંટ, ગેસ કંપની દ્વારા પણ ગ્રાહકોની બેફામ લૂંટમાં ભાગીદારી. મહાનગરપાલિકાનો વહીવટ તેમજ સફાઈના પ્રશ્ને ગુનાહિત નિષ્કાળજી અને જનહિતવિરોધી અભિગમ વિગેરે સંબંધો યુકત ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી. એસ.ટી.ના પ્રશ્ને એસ.ટી. નિગમના સત્તાવાળાઓનો પાંગળો જવાબ મળેલ છે, પરંતુ તે સત્તાવાળાઓ દ્વારા લોકોને પડતી હાડમારીઓ અંગે જમીનની વાસ્તવિકતા તપાસવાનો સમય નથી, ઈચ્છાશકિત પણ નથી. બસ ડેપો ઉપર સેકન્ડો નહિ પરંતુ હજારોની સંખ્યામાં મુસાફરોના ટોળાઓ બનતા હોય, અટવાતા હોય અને નાછૂટકે ખાનગી વાહનોમાં મુસાફરી કરવાની ફરજ પડતી હોય તેવી દુ:ખદ પરિસ્થિતિને જોવાનો સત્તાવાળા સમય કાઢે તે મતલબનું યોગ્ય લખાણ કરવાનું નક્કી કરવામાં આવ્યું. વર્ષો પહેલાં અને ખાસા એવા સમય પહેલાં સરકારે નવા રેશનકાર્ડ અને આધારકાર્ડની વ્યવસ્થા ઉભી કરી છે, તેમાં પણ આમજનતાની ફરિયાદો રજૂ કરવામાં આવી. આધારકાર્ડમાં આંગળાઓની છાપના પ્રશ્ને આડેધડ નાપાસ કરીને મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને આધારકાર્ડ આપવાનો ઈન્કાર કરી દેવામાં આવે છે, તેવી ગંભીર ફરિયાદો પણ ઉઠવા પામી છે. વીજળીના પ્રશ્ને લોકોની અને સેવાભાવી સંસ્થાઓની સતત ગંભીર ફરિયાદ પછી પણ વીજળીના સત્તાવાળાઓ કુંભકર્ણની ઉંઘમાંથી જાગતા નથી અને વીજળીનો બેફામ દુરુપયોગ કરીને લોકોની ખુલ્લેઆમ લૂંટ ચલાવી રહ્યા છે. ખોટા બેફામ ખર્ચાઓ અને વીજળીના વહીવટમાં મામકાઓને ખૂબ કમાણી કરાવી દેવાનો ભ્રષ્ટાચાર લોકોમાં ચર્ચાય છે. ૨૦૧૨ની સાલમાં સરકારે વિવિધ કંપનીઓના બોઈલરોને બંધ કરાવીને મામકા ખાનગી વિજ ઉત્પાદકોને રૂ. ૨૩ હજાર કરોડ જેટલી કમાણી સરકારે કરાવી આપી હતી તેનો પૂરાવો છે. વીજ બચતને નામે દેખાડાના કાર્યક્રમો યોજીને હજારો વિદ્યાર્થીઓના ભણતરને બગાડીને ઔપચારિક વ્યવહાર કરી હાથ ઊંચા કરી દેવામાં આવે છે. તેને બદલે સરકારે અને સત્તાવાળાઓએ ખરેખર વીજળીનો દુરપયોગ અને ખોટા ખર્ચાઓ કયાં થાય છે તે શોધી કાઢવું જોઈએ અને પ્રજાના સૂચનો માંગવા જોઈએ. દિલ્હીમાં જેમ વીજળીના પ્રશ્ને ઉપવાસ શરૂ થયા છે તેમ ન થાય તેની સરકારે અને સત્તાવાળાઓએ ચિંતા કરવી જોઈએ. ગંદકીના ઢેર ઢેર ઢગલાઓ, ફૂટપાથ ઉપર ડસ્ટબીન મૂકવા, પ્રોપર્ટી ટેકસના પ્રશ્ને કમિશનરને ફરિયાદો વગેરે બાબતે પાટનગરના નાગરિકોમાં તીવ્ર આક્રોશની લાગણી પ્રવર્તી રહી છે. સભામાં ચર્ચા વિચારણા પરામર્શમાં સર્વશ્રી લવજીભાઈ વાડીઆ, જે.જી. ભટ્ટ, રાજેન્દ્ર પારેખ, સોમાભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી, ભાનુભાઈ પુરાણી, અજિતસિંહ ભાટી, ગુણવંતભાઈ ગોહિલે સક્રિય યોગદાન આપ્યું હતું.

## સાદરા ગામમાં મહિલા જાગૃતિ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા સમાજ કલ્યાણ સંઘ દ્વારા સાદરા ગામના કોમ્યુનિટી હોલમાં ૬૫ યુવા મહિલાઓ માટે મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગૌ-સંવર્ધન કેન્દ્ર સાદરાના સહ પ્રાધ્યાપક રમેશભાઈ પટેલે મહિલા શિબિરાર્થીઓને પશુપાલન વ્યવસાય દ્વારા સ્વાવલંબી બની સ્વરોજગારી મેળવે વિષય પર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. ગૌ સંવર્ધન કેન્દ્રની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા વૈજ્ઞાનિક રીતે પશુપાલનની નવી ક્ષિતિજો અંગે ચર્ચા કરવામાં આવી હતી. સમાજ કલ્યાણ સંઘના સંગઠન અધિકારી મીનાબેન જાનીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને સિવણ વર્ગ સંચાલિકા ઈન્દુબેન પટેલે આભાર વિધિ કરી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩
સૂર્યાસ્ત : ૬.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૨૩ ટકા

## મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
જકસ ધ ગેંઈન્ટ સેલર-ડ્રી (હિન્દી) : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦
એ ગુડ ડેય ટુ ડાઈ હાર્ડ (હિન્દી) : ૫.૦૦

: સ્ક્રીન-૨ :
કાઈ પો છે : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦
આઈ મી ઓર મેંઈન : ૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :
ધ એટેક્સ ઑફ ૨૬/૧૧ : ૧૦.૧૫
આઈ મી ઑર મેંઈન : ૧૨.૪૫, ૩.૦૦
જિલ્લા ગાઝીયાબાદ : ૫.૧૫
કાઈ પૉ છે : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
આઈ મી ઑર મેંઈન : ૧૦.૦૦
ધ એટેક્સ ઑફ ૨૬/૧૧ : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૦.૩૦

**સૂર્યા, વાવોલ**

નામ છે મારુ ગંગા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મર મીટેગે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :
ડાઈ હાર્ડ-૫ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
મર્ડર-૩ : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
જયંતાભાઈકી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૫.૧૫

**ચિરાગ, કલોલ**

નામ છે મારુ ગંગા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. આર્થિક લાભ સંબંધી વિશેષ મહત્વના કાર્યોમાં વિવાદો ઉભા ન થાય તેની કાળજી રાખવી. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતનનો યોગ બની રહ્યો છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજ્ય તરફથી વિશેષ લાભ. આવકના સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાણા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે. કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કર્ક** : આર્થિક ઉન્નતિ થશે. આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ યોગ બની રહ્યો છે.

**સિંહ** : જ્ઞાન શોધ કાર્યોમાં આપનું મન પરોવાશે. મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર-વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી. ખાનપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓની લગતી બાબતોમાં યાત્રા અને ખર્ચ થશે.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. રોગ નિવારણાર્થે કાર્યો માટે યાત્રા પ્રવાસ થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. શુભ કાર્યોની શરૂઆત થશે. ધાર્મિક કાર્યો તરફ તમે પ્રેરાશો. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.